# ગુજરાતના ઓઝ ગામનો ૧૨ વર્ષે આવ્યો અર્ધકુંભ મેળો

*વડોદરા:* કરજણ તાલુકાના નર્મદા તટે આવેલા ઓઝ ગામે ૧૨ વર્ષ બાદ અધિક-જેઠ મહિનામાં અર્ધકુંભ મેળો શરૂ થયો છે. એક મહિનો યોજનારા અર્ધકુંભ મેળામાં નર્મદા સ્નાનનું અનેરું મહત્ત્વ રહેલું છે. ત્યારે અર્ધકુંભ મેળામાં આશરે ૬ થી ૭ લાખ લોકો નર્મદા સ્નાન કરશે. ઓઝ ગામની નર્મદા નદીના પટમાં ચારેક મગરનું નિવાસ સ્થાન હોવાથી વન-વિભાગ દ્વારા નદીમાં પાંજરા મૂકી મગરોને પકડવાની કવાયત હાથ ધરી છે. જ્યારે નર્મદા નદીના એક કિનારાને તાર વડે ફેન્સિંગ કરી દેવાઇ છે. આ ભાગમાં ભક્તો સ્નાન કરી શકશે અને મગરોના હુમલાનો ભય પણ રહેશે નહીં. ઓઝ ગામે આજથી અર્ધકુંભ મેળો શરૂ થયો છે. અર્ધકુંભ મેળા દરમિયાન નર્મદા નદીના કંકરમાં શિવલિંગનો આકાર દેખાતાં તેની પૂજા કરવાનો પણ અનેરો મહિમા રહેલો છે. ઓઝ ગામમાં રામ ભગવાને વનવાસ દરમિયાન રાત્રીવાસ કરી રામેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી. જ્યારે માર્કન્ડ ઋષિને આ તપોભૂમિ હોવાનો ભાસ થતાં તેમણે ઓઝ ગામે શિવલિંગની સ્થાપના કરીને હજારો વર્ષ તપ કર્યું હતું. આ મહાદેવને માર્કન્ડેશ્વર મહાદેવથી ઓળખવામાં આવે છે. ■

# બિટકોઇનકાંડઃ નલિન કોટડિયા પકડાતા નથી, આજે ધરપકડ વોરન્ટ પર કોર્ટમાં સુનાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* રાજ્યભરમાં ચર્ચાસ્પદ બિટકોઈનકાંડમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય નલીન કોટડિયાની ધરપકડ કરવા માટે સીઆઈડી ક્રાઈમે સીઆરપીસી કલમ ૭૦ મુજબ બિનજામીન લાયક વોરન્ટ મેળવવા માટે કરેલી અરજીની સુનાવણી બાદ સ્પેશિયલ કોર્ટના જજ પી.જે.તમાકુવાલાએ ૧૭મી મેના રોજ હુકમ માટે રાખ્યો છે. સીઆઈડી ક્રાઈમે અરજી કર્યા બાદ કોર્ટેને જણાવ્યું હતું કે, નલીન કોટડિયા બીજા રાજ્યોમાં છુપાયો હોય તો તેની તપાસ કરવા માટે વોરન્ટ હોવુ જરૂરી છે. પૂર્વ ધારાસભ્યને શોધવા માટે પોલીસે તમામ પ્રયાસો કર્યા હોવા છતાં તે મળી આવ્યા નથી. આ ગુનામાં નલિન કોટડિયાએ મહત્ત્વનો રોલ ભજવ્યો હોય તેમની ધરપકડ કરવી જરૂરી છે. સીઆઈડી ક્રાઈમના તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું કે, પૂર્વ ધારાસભ્યએ મોટાભાગના આરોપીઓ સાથે સતત વાતચીતો કરી હોવાનું કોલ ડીટેઈલમાં બહાર આવ્યુ હતુ. ઉપરાંત આંગડિયા મારફતે ૩૫ લાખ રૂપિયા આવ્યા હોવાના પુરાવા મળી આવ્યા છે. આરોપી નલિન કોટડિયાને ૩ અને ૪ મેના રોજ સીઆરપીસીની કલમ ૧૬૦ મુજબ સમન્સ પાઠવીને હાજર થવા જણાવ્યું હતુ. આમ છતાં તેઓ હાજર થયા નહોતા. આરોપી નલિન કોટડિયાના ઘરે, ધારીના જંગલમાં આવેલા ફાર્મ હાઉસમાં તપાસ કરી હતી પણ તેઓ મળી આવ્યા નહોતા. ૧૩મી મેના રોજ સાઈબર સેલને માહિતી મળી હતી કે, ધારીમાં જિગેશ કોટડિયાની ગૌશાળામાં નલિન કોટડિયા છુપાવ્યા હોવાની માહિતી મળતા ત્યાં તપાસ કરતા તે મળી આવ્યા નહોતા. ■

# વીજબિલ ઘટાડવા મંદિરોમાં સોલાર પેનલ નખાશેઃ ૨૦૦ મંદિરનો પ્રોજેક્ટ

*ગાંધીનગરઃ* ગુજરાતનાં પ્રસિદ્ધ મંદિરો હવે સોલાર પૅનલથી ઝળાહળા થશે. સોમનાથ, અંબાજી, દ્વારકા, બહુચરાજી, શામળાજીથી માંડીને રૂપાલ વગેરે ધાર્મિક સ્થળોએ સોલાર પૅનલ લગાવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. જાણીતાં મંદિરોમાં વાર્ષિક રૂ. ૭૦ હજારથી ૨ લાખ સુધીનું વીજબિલ આવતું હોવાથી આ નિર્ણય લેવાયો છે. આ માટે ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી ૫ કરોડના ખર્ચે સરકાર હસ્તકનાં ૨૦૦ જેટલાં મંદિરમાં આ સિસ્ટમ લગાવાશે. આ અંગેના વર્ક ઑર્ડર આપી દેવાયા છે. ૧ વર્ષમાં તમામ મંદિરોમાં સોલાર રૂફ ટોપ સિસ્ટમ અમલી થશે, તેવો દાવો સરકારી તંત્રે કર્યો છે. રૂપાલમાં ૩ મહિનામાં આ કાર્ય પૂર્ણ કરી દેવાશે. સોમનાથ મંદિરમાં ૧.૪૦ કરોડના ખર્ચે ૩૦૦ કિલોવૉટની સોલાર પૅનલ લગાવાશે જ્યારે બીજાં મંદિરોમાં ૨૦૦ કિલોવૉટની પૅનલ લાગશે. શિખર મંદિરને બાદ કરતાં સોલાર પૅનલ મારફતે સૌરઊર્જા ઉત્પન્ન કરીને મંદિરના પ્રાંગણમાં આવેલી ઑફિસ, ભોજનશાળા, પાર્કિંગ તેમ જ ધર્મશાળા વગેરેમાં તેનો ઉપયોગ કરાશે. સોલાર ટ્રી દેખાવમાં આકર્ષક લાગવાની સાથે વીજબચતમાં પણ સહાયરૂપ થાય છે. તેમાં ૬થી ૭ લાખનો ખર્ચ થાય છે. હાલ મહેસાણા અને ભરૂચ સરકિટ હાઉસમાં લગાવેલાં છે. ગાંધીનગર સરકીટ હાઉસમાં હવે લાગશે. ■

# રાજકોટની જાણીતી હૉટેલમાં ₹ ૪૪ લાખની ચોરી કરનારા ત્રણ વેઈટર પકડાયા

*રાજકોટઃ* શહેરના જામનગર રોડ પરની ગ્રીનલીફ હૉટેલમાં રવિવારે રાત્રે કાઉન્ટરનું તાળું તોડી રૂ.૪૫ લાખની રોકડની થયેલી ચોરીનો ભેદ ઉકેલીને પોલીસે આ હોટેલના જ નેપાળી વેઇટર સહિત ત્રણ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે. સુરતના વરાછા વિસ્તારમાંથી તસ્કર ત્રિપુટીને દબોચી લઇ રોકડા રૂ.૪૨,૮૨,૫૦૦ની રોકડ સહિત કુલ રૂ.૪૩,૨૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નેપાળમાં કરોડપતિની જિંદગી જીવવા માટે હાથ માર્યાની ત્રિપુટીએ કબૂલાત આપી હતી. હૉટેલમાંથી રોકડા રૂ. ૪૫ લાખની ચોરીની ફરિયાદ નોંધાતા જ શહેર પોલીસ હરકતમાં આવી હતી. ફરિયાદમાં હોટેલના વેઇટર નેપાળના વતની બાજી ઉર્ફે વિરાજ લક્ષ્મણ લુહાર અને તેની સાથેના બે અજાણ્યા શખસના નામ આપવામાં આવ્યા હતા. નેપાળી શખસો ચોરી કરી નેપાળ ભાગી શકે સહિતની સંભાવનાઓને ધ્યાને રાખી શહેર પોલીસની ચાર જેટલી ટીમો બનાવી જુદી-જુદી દિશામાં દોડાવી હતી અને મંગળવારે ક્રાઇમ બ્રાંચની ટીમે સુરતના વરાછા વિસ્તારમાંથી સૂત્રધાર બાજી ઉર્ફે વિરાજ અને તેના બે સાગરીત નેપાળના દિનેશ આનંદ બિસ્તી તથા સંતોષ કરણ ભટ્ટારયને ઝડપી લઇ ચોરીના રોકડા રૂ.૪૨,૮૨,૫૦૦ તથા ચાર મોબાઇલ સહિત કુલ રૂ.૪૩,૨૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. લાખોની મતાની ચોરીમાં મહત્તમ રોકડ સાથે તસ્કર ત્રિપુટી ઝડપાયા આ અંગે ડીસીપી ડૉ. કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે, નેપાળના ચલણની સરખામણીમાં ભારતના ચલણનું મૂલ્ય ઊંચું હોવાથી તસ્કર ત્રિપુટીએ મોટો હાથ મારી તેટલી રકમથી નેપાળમાં કરોડપતિની જિંદગી જીવવાનું સ્વપ્ન સેવ્યું હતુ અને તે ઇરાદો પાર પાડવા હૉટેલમાં ચોરી કરી હતી. ■

# મોરબીના ટંકારામાં પાણીની વિકટ સમસ્યા હલ કરવા ગ્રામજનોનું ઉપવાસ આંદોલન

*મોરબીઃ* ટંકારામાં પાણીની વિકટ સમસ્યા સર્જાય છે. ફિલ્ટર પ્લાન્ટ મંજૂર થયાને બે વર્ષ વીતી ગયા છતાં કામ થતું નથી. આથી સરપંચ સહિત ગ્રામજનોએ ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ટંકારાના ગ્રામજનો છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. બે વર્ષ પૂર્વે ફિલ્ટર પ્લાન્ટ મંજૂર તો થઈ ગયો, પરંતુ તેનું કામ આગળ વધ્યું જ નથી. સરપંચ સહિતના આગેવાનોએ ગાંધીનગર સુધી રજૂઆતો કરી છતાં કઈ નક્કર પરિણામ ન મળતા ટંકારા ગ્રામપંચાયત દ્વારા આજથી અચોક્કસ મુદતનું ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. ટંકારા મામલતદાર કચેરી ખાતે ગ્રામ પંચાયત દ્વારા ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે જેમાં સરપંચ, ગ્રામપંચાયતના સભ્યો સાથે ગ્રામજનો પણ ઉપવાસ આંદોલનમાં જોડાયા હતા. ■

# ચોમાસામાં ફજેતી ન થાય તે માટે વરસાદ પહેલાં રોડ-રસ્તાનાં કામો ૩૧મી મે સુધીમાં પૂર્ણ કરવા તાકીદ

*અમદાવાદઃ* શહેરમાં ગયા વર્ષે પ્રથમ વરસાદમાં જ રોડ-રસ્તા તૂટી ગયા હતા, જ્યારે કેટલાક રસ્તાના કામો ભરચોમાસે પણ ચાલતા હતા.તેના લીધે લોકોએ મનપા સામે નારાજગી વ્યક્ત કરીને સોશ્યલ મિડિયામાં વિકાસ ગાંડો થયો છે એવું લખાણ લખીને તૂટેલા રસ્તાઓના ફોટા પણ વાયરલ કર્યા હતા. આ વખતે મનપાએ ચોમાસા પહેલા જ રોડ રસ્તાના કામો પૂર્ણ કરવા તાકીદ કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ મનપામાં કૌભાંડની નવાઈ નથી. ગત ચોમાસાના પહેલા રાઉન્ડના વરસાદમાં જ આશરે રૂ.૪૫૦ કરોડના રોડ- રસ્તા ધોવાતાં આ મામલો રાજ્યભરમાં મહિનાઓ સુધી ગાજ્યો હતો. હાઇ કોર્ટમાં આ બાબતે જાહેર હિતની અરજી થતાં સમગ્ર કૌભાંડ વધુ ચર્ચાસ્પદ બન્યું હતું. હાઇ કોર્ટે પણ અવારનવાર તંત્રની તૂટેલા રોડ અને તેના રિપેરિંગ અંગે મનપાના સત્તાવાળાઓની ઝાટકણી કાઢી હતી. જોકે હવે સત્તાધીશો કોન્ટ્રાકટરને ઊંચા ભાવ ચૂકવીને રસ્તાના કામ ઝડપભેર કરાવવાની દિશામાં પ્રયત્નશીલ બન્યા છે. તંત્રના ઉચ્ચ સ્તરેથી આગામી તા.૩૧ મે સુધીમાં રસ્તાના તમામ કામ આટોપી લેવાનો આદેશ પણ સંબંધિત અધિકારીઓને અપાઈ ગયો છે. કમિશનર દ્વારા આ અંગે પરિપત્ર પણ બહાર પડયો છે. જોકે ૩૧ મે સુધી કામો પૂરા થવા અંગે ખુદ મનપાના વર્તુળોમાં આશંકા છે. મનપાની સામાન્ય સભામાં વિપક્ષ કૉંગ્રેસના નેતા દિનેશ શર્માએ રોડના કામના કોન્ટ્રાકટરને ગત વર્ષ ૨૦૧૭-૧૮માં પૂર્વ ઝોનના વિવિધ રસ્તાના રિસરફેસિંગ માટે અપાયેલા રૂપિયા ૧૨.૪૬ કરોડના કોન્ટ્રાક્ટમાં વધારાનું રૂ.૧૨ કરોડનું કામ આપવા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમણે તંત્રે આ કોન્ટ્રાકટરને વધારાનું કામ વગર ટેન્ડરે આપ્યું હોવાનો આક્ષેપ કરતાં સામાન્ય સભામાં ખળભળાટ મચી ગયો હતો. દક્ષિણ ઝોનના વટવા વોર્ડમાં વટવા તળાવથી હોમગાર્ડ ઓફિસ થઈ બાલા હનુમાન મંદિરથી રિંગરોડને જોડતો ગામડી રોડ તેમજ નવા પશ્ચિમ ઝોનના વિભિન્ન વોર્ડના ટોપ મોસ્ટ પ્રાયોરિટીવાળા રસ્તાના રિસરફેસિંગની કામગીરી ચોમાસા પહેલાં કરવી જરૂરી હોઇ કોન્ટ્રાક્ટર ફર્મને અગાઉના કામ ઉપરાંત આ વધારાનું કામ આપતાં વિવાદ ઊઠયો છે. આગામી તા.૩૧ મે પહેલાં કોન્ટ્રાકટર આ કામગીરી પૂર્ણ કરી શકશે કે કેમ? તે અંગે પણ પ્રશ્નાર્થ કરાયો છે. ■

# સુક્ષ્મ, લઘુ અને નાના ઉદ્યોગોને 3000 મીટર સુધીના પ્લોટમાં ૫૦ ટકા ઓછી કિંમતે પ્લોટ ફાળવાશે

*ગાંધીનગરઃ* રાજ્યમાં સૂક્ષ્મ, લઘુ અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે જી.આઇ.ડી.સી. દ્વારા અપાતાં ૩૦૦૦ મીટર સુધીના પ્લોટમાં ૫૦ ટકા ઓછી કિંમતે પ્લોટ ફાળવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે, એવું રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે જણાવ્યું હતું. પટેલે મુખ્ય પ્રધાનના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ નિર્ણય અંગે વધુ વિગતો આપતાં કહ્યુ કે, ગુજરાતમાં રાજ્ય સરકારના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જી.આઇ.ડી.સી.) દ્વારા રાજ્યમાં વિવિધ સ્થળોએ જી.આઇ.ડી.સી. સંકુલો ઊભા કરવામાં આવ્યા છે. અને વધુ નવી જી.આઇ.ડી.સી.ની સ્થાપના કરવાની કાર્યવાહી ચાલી રહી છે. આ સંકુલો ઊભા કરવા જી.આઇ.ડી.સી.ને રાજ્ય સરકાર દ્વારા જમીન વેચાણ આપવામાં આવે છે. જી.આઇ.ડી.સી.ને આ જમીન વેચાણ આપવાની અને જમીનની કિંમત કરવાની હાલની જે પદ્ધતિ હતી તે પદ્ધતિ મુજબ જમીનની વેચાણ કિંમત કરાતાં જી.આઇ.ડી.સી.ને કેટલીક જગ્યાએ ઊંચી કિંમત ચુકવવી પડતી હતી અને તે જી.આઇ.ડી.સી.માં જે એકમો સ્થપાય તેને વધારે કિંમતની જમીન ફાળવવામાં આવતી હતી જેને કારણે નાના ઉદ્યોગ સાહસિકોને કારખાના બનાવવા માટેનું ખર્ચ-રોકાણ વધી જતું હતું. નીતિન પટેલે વધુમાં ઉમેર્યું કે, અત્યાર સુધી જી.આઇ.ડી.સી.ને ફાળવવામાં આવતી જમીન, તેની કિંમત અને પદ્ધતિમાં ધરખમ ફેરફાર કરાયો છે. હવેથી જી.આઇ.ડી.સી.ને જે જમીન ફાળવવામાં આવશે તે જમીનમાંથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે ૩૦૦૦ મીટર સુધીના પ્લોટ જી.આઇ.ડી.સી. આ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે ફાળવશે. તો તેની જમીનની કિંમત રાજ્ય સરકાર ૫૦ ટકા ઓછી વસૂલશે એટલે કે, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ૩૦૦૦ મીટર સુધીના પ્લોટ હવે સરકાર દ્વારા જી.આઇ.ડી.સી.ને ફાળવવાની જમીનની જે કિંમત નક્કી થઇ હોય તેમાં ૫૦ ટકા રાહત આપશે તેથી આવા નાના ઉદ્યોગ સાહસિકોને જી.આઇ.ડી.સી.માં પ્લોટ અડધી કિંમતે મળશે. ■

# રાજુલામાં દલિત યુવકની આંખમાં મરચાંનો પાઉડર છાંટીને દસ શખસે પાઈપના ફટકા મારીને કરી હત્યા

*ભાવનગરઃ* અમરેલીના રાજુલાના સમઢિયાળા ગામમાં રાત્રે દલિત યુવાન બાઇક પર જતો હતો ત્યારે કારમાં આવેલા ૧૦ લોકોએ તેના પર મરચુ છાંટી ધોકા-પાઇપથી માર મારીને તેની ગંભીર ઇજા કરી હતી જેને સારવાર અર્થે મહુવાની હૉસ્પિટલમાં ખસેડાયો હતો, જોકે બાદમાં ઇજાગ્રસ્ત યુવાનને સારવાર માટે ભાવનગરની સરટી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન મંગળવારે વહેલી સવારે યુવાનનું મોત થતા દલિત સમાજમાં રોષ ફેલાયો હતો. તેમજ મૃતકની લાશ સ્વીકારનો ઈનકાર કરતા તંત્ર દોડતું થઇ ગયું હતું. ભૂતપૂર્વ ઝઘડાનો ખાર રાખી ૧૦ શખસોએ રાત્રે જેન્તીભાઇ તેમની ઓફિસેથી ઘરે જતા હતા ત્યારે રસ્તામાં કારમાં આવી આંતર્યા હતા અને તેની આંખમાં મરચું છાંટી ધોકા-પાઇપથી માર માર માર્યો હતો. ઇજાગ્રસ્ત જેન્તીભાઇને મહુવા બાદ ભાવનગર સારવાર માટે લઇ આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન જેન્તીભાઇનું મોત નીપજ્યું છે. પરિવારજદનોએ જ્યાં સુધી ૧૦ આરોપીઓ ઝડપાઇ ન જાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. મૃતક યુવાનના મામી ભાવનાબેનએ પોલીસમાં ફરિયાદ પ્રમાણે મૃતક જેન્તીભાઇ મારો ભાણેજ થાય છે. તે માયા ટ્રાન્સપોર્ટના નામે મીઠાની કંપની ચલાવે છે. લગભગ પાંચ દિવસ પહેલા ૧૦ શખસોએ જેન્તીભાઇ મીઠાનું ડમ્પર લઇ જતા હોય તેને રોક્યો હતો અને રોડ પર મીઠું વેરાતુ હોવાનું કહ્યું હતું. આથી જેન્તીભાઇએ રોડ પર રોજ ૫૦૦ ડમ્પર ચાલે છે, તેને તમે કંઇ કહેતા નથી અને મને જ કહો છો તેમ કહી પોલીસ ફરિયાદ કરી હતી. ■

# રાજકોટ બાદ હવે દાહોદમાં પકડાઇ રદ થયેલી ₹ ૧૪ લાખની ચલણી નોટો

*અમદાવાદઃ* રૂ. ૧૦૦૦ અને રૂ. ૫૦૦ ની જૂની ચલણી નોટો રદ થયાને બે વર્ષ વીતી ગયા હોવા છતાં ભેદી રીતે આવી ચલણી નોટોની હેરાફેરીનું મોટું રેકેટ ચાલી રહ્યુ છે. દેશમાં રદ થયેલી ચલણી નોટો પકડવાની સૌથી વધારે ઘટનાઓ ગુજરાતમાં જ બની છે ત્યારે રાજકોટ બાદ હવે દાહોદમાં પણ રૂ. ૧૦૦૦ની ૮૮૫૦૦૦ અને ૫૦૦ની ૫૯૫૦૦ રૂપિયા મળીને કુલ ૧૪.૮૦ લાખ રૂપિયાની નોટો સાથે બે શખસોને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસને દાહોદ શહેરમાં યુવક રદ થયેલી રૂ ૧૦૦૦ અને ૫૦૦ના દરની જૂની નોટો લઇને ફરતો હોવાની બાતમી મળી હતી. દાહોદ શહેરની જીવનદીપ સોસાયટીમાં રહેતાં હેમંતકુમાર દીપસિંહને શંકાના આધારે રોકવામાં આવ્યો હતો. તલાશી દરમિયાન જ્યુપીટરની ડેકીમાંથી પોલીસે ભારતીય ચલણમાંથી બંધ થઇ ગયેલી ૧૦૦૦ના દરની ૮૮૫ અને ૫૦૦ના દરની ૧૧૯૦ નોટો મળી આવી હતી. આમ તેની પાસેથી ૧૦૦૦ની ૮૮૫૦૦૦ અને ૫૦૦ની ૫૯૫૦૦ રૂપિયા મળીને કુલ ૧૪.૮૦ લાખ રૂપિયાની નોટો કબજે લેવામાં આવી હતી. ■

# જામનગરના વકીલ હત્યા કેસ

## હત્યાની ખંડણી આપનારો કુખ્યાત બિલ્ડર જયેશ પટેલના સ્થાનિક લોકોની શોધખોળ

*જામનગરઃ* શહેરના એડવોકેટની હત્યા કેસમાં મુંબઈમાંથી બે શખસોની અમદાવાદની ક્રાઇમ બ્રાન્ચે અટકાયત કર્યા પછી બંનેને પોલીસ જામનગર લાવીને કોર્ટમાંથી દસ દિવસના રિમાડ મેળવ્યા હતા. આ કેસમાં નામીચા બિલ્ડર અને આરોપી જયેશ પટેલે કરોડોની જમીનના કૌભાંડનો કેસ લડી રહેલા વકીલ કિરીટ જોશીને કેસમાંથી ખસી જવા માટે કરોડોની ઓફર પણ કરી હતી, પરંતુ તે માન્યા નહોતા. જોકે આ કેસમાં હજુ વચેટીયા જ ઝડપાયા છે, પરંતુ મુખ્ય આરોપીઓની પકડવાના બાકી છે. એટલું નહીં જયેશ પટેલ પકડની બહાર છે, પરંતુ તેના જામનગર ખાતેના માણસો તેમ જ જમીન સાથે સંકળાયેલા બીજા મોટા માથાઓની સંડોવણી પણ ખૂલી શકે છે. જે પોલીસ રીમાન્ડ દરમિયાન બહાર આવશે. વકીલની હત્યાનું ષડ્યંત્ર કરનારાં કુલ ૫ શખસો જામનગર રોકાયા હતા તો બાકીના તેમજ ખાસ કરીને હત્યા નિપજાવનાર ક્યા છે? ઉપરાંત હત્યા ના દિવસે છેલ્લા ફોન કોનો હતો ? અને એ મોબાઇલ ક્યા છે કોને ગુમ કર્યો શા માટે કર્યો? ગત તા. ૭ ને રવિવારે કેટલીક મહિલાઓના નિવેદન લેવાયા તેમાં શું જાણવા મળ્યું? જયેશ પટેલે કિરીટ જોશીને જમીન કોભાંડના કેસમાંથી ખસી જવા કરોડોની ઓફર કરી હતી ત્યાર બાદ ધમકી આપી હતી કે કેમ? જયેશ પટેલ આરોપી હોવાના પુરાવા હજુ સુધી મળ્યા નથી ત્યારે હત્યા કરવા કરાવવા બીજા મોટા માથા કોણ છે તે દિશામાં પણ તપાસ કરવામાં આવી છે. જયેશ જામનગરમાં તમામ ગતિવિધિ જાણવા કોના સંપર્કમાં છે? મૂળ હત્યારા પકડાયા નહીં તો વચેટિયા કેવી રીતે પકડાયા? પોલીસે જે શંકાસ્પદો ને જામનગર અમદાવાદ મુંબઇથી પકડ્યા છે તે તમામ ને એક સાથે કેમ બતાવતી નથી એવો અનેક સવાલો ઊઠી રહ્યા છે. ક્રાઈમ બ્રાંચની ઉપરોક્ત પ્રેસ કોન્ફરન્સમાં જામનગરના એસપી પી. બી. સેજુળ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ બનાવમાં સંડોવાયેલા અને હત્યાને અંજામ આપી નાસી ગયેલા બંને શખસો સહિત કેટલાક અન્ય આરોપીઓની પણ હજુ ધરપકડ કરવાની બાકી છે. ■

# ડુપ્લિકેટ ઘી- તેલ અને દૂધ બાદ હવે ડુપ્લિકેટ ચાની ભુક્કીનું કૌભાંડ પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*રાજકોટઃ* શહેરમાં પરા બજારમાં આવેલી એક ચાની દુકાનમાં આરોગ્ય વિભાગના અધિકારીઓએ દરોડો પાડ્યો હતો. ચાની ભૂકીમાં લાકડાનું ભૂસું અને કેમિકલ ભેળવીને વેચાણ કરવામાં આવતું હતું. અધિકારીઓએ ૧૦૦૦ કિલોથી વધુ ભેળસેળવાળો ચાનો જથ્થો સીઝ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા રોજ અલગ-અલગ ખાદ્યપદાર્થ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે શહેરના પરા બજારમાં એક ચા બનાવતી પેઢી પર આરોગ્ય વિભાગે દરોડા પાડતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ચાની પતીમાં લાકડાનું ભૂસુ અને કેમિકલ ભેળવવામાં આવતું હતું. શહેરના પરા બજારમાં આવેલી ટી નામની પેઢી છેલ્લા ઘણા સમયથી ચાની પતી બનાવી વેચાણ કરે છે, પરંતુ આરોગ્ય વિભાગે દરોડા પાડતા બહાર આવ્યું હતું કે, ચાની પતીમાં લાકડાનું ભૂસું અને કેમિકલ ભેળવવામાં આવતું હતું. આરોગ્ય વિભાગે ૧૦૫૦ કિલો ચા, ૬૦ કિલો લાકડાનું ભૂસું અને ૬૦ કિલો કેમિકલનો નાશ કર્યો હતો. આવી ચાના વેચાણથી લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. ■

# નિવૃત્ત શિક્ષિકાનું મકાન પચાવી પાડવાના કેસમાં ૧૦ શખસ સામે ગુનો નોંધાયો

*રાજકોટઃ* શહેરમાં નિવૃત્ત શિક્ષિકાનું મકાન પચાવી પાડવાનું ષડ્યંત્ર રચનારી ચીટર ટોળકીના પાંચ શખસની ધરપકડ કરીને ૧૦ શખસ સામે ગુનો નોંધાયો છે. જોકે નિવૃત્ત શિક્ષિકાની હત્યાનો કેસ હજુ વણઉકેલાયો છે. શહેરના સોરઠિયાવાડી સર્કલ નજીક આવેલી સોસાયટીમાં એકલવાયું જીવન જીવતા નિવૃત શિક્ષિકા જયશ્રીબેન દયાશંકરભાઈ શુકલની તેમના જ રહેણાકમાં હત્યા કરી નાખવામાં આવી હતી. દરમિયાન પોલીસના હાથ હજુ હત્યારા સુધી તો નથી પહોંચ્યા, પરંતુ વૃદ્ધાની જાણ બહાર બારોબાર તેમના મકાનના બોગસ દસ્તાવેજ ઊભા કરી વેચી મારવાના કારસાનો પર્દાફાશ કર્યો હતો. ભકિતનગર પી.આઈ.એ વૃદ્ધાની મિલકતના દસ્તાવેજોની સિટી સર્વે અને રજિસ્ટ્રારમાં તપાસ દરમિયાન મોરબી, વાંકાનેર, રાજકોટની ચીટર ટોળકીની સંડોવણી શોધી ૧૦ સામે ગુનો નોંધી પાંચની ધરપકડ કરી હતી. વિનુ પટેલ, મહમદહુસેન નુરમહમદ શેરસીયા , લાલુભા બિપીનસિંહ ઝાલા, વિક્રમ અજીતભાઈ પટેલ, કલ્પેશ ધીરૂભાઈ કુકડિયા, રાજેશ ઉર્ફે રાજુ પરબતભાઈ સોમાણી, રણજીત કરશન સરિયા, શાંતાબેન લાલજીભાઈ પરમાર, આશિષ પંડયા અને કાંતિલાલ ઓધવજી સિદ્ધપુરા સહિત ૧૦ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ટોળકીએ સિટી સર્વે નં. ૨૨૪૪, પ્લોટ નં. ૨૩-બ ઉપર ઊભેલા હત્યાનો ભોગ બનેલા જયશ્રીબેનની માલિકીના મકાનની કિંમત આશરે દોઢ કરોડ થાય છે. તેના બોગસ દસ્તાવેજ એકબીજાની મદદગારીથી ખોટા ઊભા કરી બારોબાર વેચી દીધા હતા. ■



## જૂનાગઢમાં સખત ગરમી વચ્ચે વરસાદનું ઝાપટું

જૂનાગઢમાં મંગળવારે ૪૧.૬ ડિગ્રી તાપમાન અને સખત ગરમી તથા અસહ્ય બફારા વચ્ચે બપોરના ચારેક વાગ્યાના અરસામાં શહેરનાં પંચહાટડી, એમ. જી. રોડ, જી.આઈ.ડી.સી, મજેવડી દરવાજા વિગેરે વિસ્તારોમાં વરસાદનું ઝાપટું પડ્યું હતું. આ કમોસમી વરસાદથી લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# કૉંગ્રેસના ધારાસભ્યોએ સંગઠનના હોદ્દા છોડવા પડશેઃ યુવાનોને તક અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* ગુજરાત પ્રદેશ કૉંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ તેમ જ વિપક્ષ નેતાપદે યુવાન નેતાઓને જવાબદારી સોંપાયા બાદ હવે સંગઠનમાં પણ ફેરબદલની કવાયત હાથ ધરવામાં આવી છે જે ધારાસભ્યો સંગઠનમાં પણ હોદ્દા સંભાળતા હશે તેમને સંગઠનના હોદ્દા છોડવા પડશે અને નવા યુવાનોને તક આપવામાં આવશે. પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં કૉંગ્રેસને મજબૂત બનાવવા માટે આગામી સમયમાં સંગઠનમાં ધરમૂળથી ફેરફારો કરવામાં આવશે. જેમાં ધારાસભ્યોએ સંગઠનના હોદાઓ છોડવા પડશે. આ ઉપરાંત ત્રણ વર્ષથી વધુ શહેર, તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રમુખના હોદા પર બેઠેલાઓને બદલવા પડશે. તેમના સ્થાને નવા યુવા ચહેરાઓને તક આપવામાં આવશે. આગામી લોકસભામાં કૉંગ્રેસને મજબૂત બનાવવા માટે અત્યારથી બૂથ લેવલની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં એક પુરુષ અને એક મહિલા જનમિત્ર બનાવીને બૂથ લેવલની કામગીરી છેવાડા ગામો સુધી કરીને પ્રજામાં કૉંગ્રેસ પુનઃ વિશ્વાસ સંપાદન કરવામાં આવશે તેમ જ ટૂંક સમયમાં સંગઠનની પુનઃરચના કરવામાં આવશે. કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા દ્વારા પ્રજાહિતના અનેક કાર્યો કર્યા હોવા છતાં પણ કર્ણાટકની જનતાએ જનઆદેશ મળ્યો છે. તેનો સ્વીકાર કરતાં તેઓએ વધુમાં ઉમેર્યુ હતુ કે, પ્રજાને ભ્રમિત કરીને ધાર્મિક પોલોરાઈજેશન કરીને ભાજપે ચૂંટણી જીતી છે. મતોની ટકાવારીમાં જોઈએ તો કર્ણાટકમાં કૉંગ્રેસને ભાજપ કરતા વધુ વોટ મળ્યા છે. કૉંગ્રેસને ૩૮ ટકા જ્યારે ભાજપને ૩૭ ટકા મત મળ્યા છે. ક્યાં કમી રહી ગઈ તેનો આગામી દિવસોમાં અભ્યાસ કરીને પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ■